**શ્રી કોટયર્ક ખડાયતા સમિતિ :**

શ્રી કોટયર્ક મંદિર, મહુડી, તા.માણસા, જી.ગાંધીનગર (ઉ.ગુજરાત) ૩૮૨૮૫૫
કોટયર્ક મંદિર ફોન : ૦૨૭૬૩-૨૮૪૬૨૪ મો. ૭૦૬૯૦૧૭૩૦૦
અમદાવાદ (ઓફિસ) : ૦૭૯-૨૨૧૪૨૧૬૮ મો. ૭૦૬૯૦૧૪૭૦૦

અમદાવાદ થી આશરે ૭૦ કિમી. દૂર ઉત્તરમાં વિજાપુર (જિ.મહેસાણા) પહેલા પીલવાઈ રોડ નામનું સ્ટેશન છે. ત્યાંથી પગ રસ્તે ૧-૨ માઈલ દુર મહુડી નામનું ગામ છે. આ સ્થળ એક તીર્થધામ બની ગયું છે. ખડાયતા વૈષ્ણવ વણિકોનું તીર્થ એટલે શ્રી કોટયર્કદેવ. શ્રી કોટયર્ક ખડાયતા સમિતિ આ ધાર્મિક સ્થળને પૂરી શ્રદ્ધાર્થી સમજવા, યાત્રાળુને સારી સુવિધા આપવા ખડે પગે તૈયાર રહે છે. અમદાવાદ-ગાંધીનગરથી વિજાપુર જતાં આશ્રમ ચોકડીથી કોટયર્ક (૪ કિમી.) જઈ શકાય છે. વાહન વ્યવહારની સગવડ ઉપલબ્ધ છે.

**ખડાયતા જ્ઞાતિ ઉદ્ભવ :**

વિક્રમ સંવત ૬૦૧ની સાલમાં રુદ્રદામન રાજાએ કોટયાને શ્રી કોટયર્ક તીર્થમાં મહાયજ્ઞ કર્યો. સરકંટ ઘાસની ભૂમિ પર યજ્ઞ વેદ કરી તેથી તે સ્થાનને ખડાત (ખડાયતા) નામ મળ્યું. યજ્ઞ કરાવનાર વૈશ્યો અને બ્રાહ્મણોમાં વૈશ્યો વણીક ખડાયતા કહેવાયા અને બ્રાહ્મણો ખડાયતા ગોર કહેવાયા.

**આટલું અવશ્ય જાણો :**

- વૈષ્ણવ યાત્રાળુને આપણા મંદિરમાં રહેવાની તથા પ્રસાદની સુવિધા પુરી પાડવામાં આવે છે. નજીવા ન્યૌછાવરમાં ફરસાણ અને મીઠાઈ સાથે પ્રસાદ પીરસવામાં આવે છે. (આવનાર યાત્રાળુ મંદિર ભોજન પ્રસાદ માટે અગાઉથી જાણ કરવામાં આવે તો વ્યવસ્થા કરવાની અનુકુળતા રહે)
- મંદિરમાં સુંદર ગૌશાળા આવેલી છે. જેમાં ગાયોની ઘણી સારી સંખ્યા છે. ગાયોની નિયમિત સેવા કરવામાં આવે છે. ગાયોની સેવામાં એક ગાયનો એક વર્ષનો નિભાવ(દત્તક યોજના) રૂા.૨૫,૦૦૦/- છે. જે વૈષ્ણવો આ રકમ આપે છે તે વૈષ્ણવને મંદિર તરફથી સર્ટીફીકેટ તેમજ ગાયનું પ્રતિક ભેટ સ્વરૂપ આપવામાં આવે છે.
- મંદિરમાં બોરમાંથી ગ્રામવાસીઓને પણ પાણીની સુવિધા આપવામાં આવે છે તથા ગાયો માટે ઘાસ ઉગાડવામાં આપવામાં આવે છે.
- શ્રી કોટયર્ક મંદિરમાં શ્રી કોટિયર્ક દેવ, લક્ષ્મીનારાયણ દેવ, શ્રી ગિરિરાજજી તેમજ ભાગવત ભગવાનના આઠ અવતાર સ્વરૂપ તેમજ ખડાયતના ગોત્ર દેવીઓ બિરાજમાન છે. તેમની નિયમિત સેવા કરવામાં આવે છે.
- શ્રી કોટયર્ક મંદિરમાં દરેક ઉત્સવ જેવા કે કૃષ્ણ જન્મ, નંદ ઉત્સવ, તુલસી વિવાહ, કોટયર્ક પ્રાગટ્યત્સવ, રૂક્ષ્મણી વિવાહ તથા અન્ય ઉત્સવ વર્ષ દરમિયાન પૂરી શ્રદ્ધા-ભાવથી ઉજવાય છે. વર્ષ દરમિયાન ખુબ જ મોટા પ્રમાણમાં ખડાયતા વૈષ્ણવો તથા અન્ય વૈષ્ણવ સમાજના ભાવીભક્તો દર્શનનો લાભ લે છે.
- મંદિરનો વહીવટ મંદિર કમિટી બંધારણ તેમજ તેના નિયમોને ધ્યાનમાં રાખી ખડાયત વૈષ્ણવો તેમજ યાત્રાળુઓની ભેટ-દાનની રકમમાંથી કરવામાં આવે છે.

- મંદિરના વિશાળ પટાંગણમાં સમાજનો તેમજ અન્ય સમાજના લગ્નો, યોગ ચિંતન શિબિરો, જ્ઞાતિના એકડાની સભાઓ, સંમેલનો તેમજ અન્ય સમાજના કાર્યક્રમો યોજાય છે તથા ખડાયતા જ્ઞાતિજનો માટે ખૂબ જ વ્યાજબી રકમથી આ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.
- નજીવા નિભાવખર્ચથી મંદિરના પ્રાંગણમાં આવેલ ''વડિલોનો વિસામો'' (વૃધ્ધાશ્રમ)માં ખડાયતા જ્ઞાતિના વડીલોને રહેવા-જમવાની વિગેરેની સુંદર સગવડ અપાય છે.
- સાબરમતીના પવિત્ર તટ પર ટેકરી ઉપર બિરાજમાન શ્રી કોટયર્કજી તીર્થમાં વાસ કરી પ્રતિવર્ષ કારતક સુદ-એકાદશી થી કારતક સુદ-૧૪ નિયમિત સ્નાન, દર્શન, પૂજન કરનારાઓનો વૈકુંઠવાસ થાય છે.
- જમવાની સુંદર વ્યવસ્થા તથા મંદિરમાં આવનાર ભક્તજનો કે યાત્રાળુઓની સગવડો માટે વિકાસના કામો હાથ પર લેવામાં આવ્યા અને હાલમાં મંદિર પરિસરમાં ડીલક્ષરૂમો તથા એસીરૂમો મળી કુલ ૧૮૦ રૂમો તેમજ ૧૭ એસી કોટેજની સગવડ ધરાવે છે.
- મંદિરના કંપાઉન્ડમાં મારબલ ફ્લોરીંગવાળો, સુંદર સુશોભિત સત્સંગ ચોક જેમાં મારબલની બેઠકની સગવડો, ભોજન પ્રસાદ માટે ઉત્તમ ટેબલ-ખુરશીવાળું ભોજનપ્રસાદગૃહ ઉપરાંત સાંસ્કૃતિક હોલ - એસીહોલ નવા સ્વરૂપમાં અસ્તિત્વમાં આવેલ છે.
- પીવાના ચોખ્ખા પાણી માટે આર.ઓ.પ્લાન્ટ તેમજ નાહવા માટે ગરમ પાણી માટે ગીઝરની વ્યવસ્થા રૂમોમાં છે. ખુલ્લી જગ્યામાં ખુબ જ આધુનિક જમાના પ્રમાણે સગવડોવાળું તીર્થ સ્થાન બન્યું છે, જેમાં ગ્રીનવિલેજ બનાવવામાં આવેલ છે. ગ્રીનવિલેજ પાસે આધુનિક સગવડતાવાળું નાના બાળકો માટે વોટરફોલનું પણ આયોજન કરવામાં આવેલ છે.

શ્રી કોટયર્ક મંદિરમાં વર્ષોના નિયમ મુજબ વર્ષમાં બે વાર ઠાકોરજીને અન્નકુટનો પ્રસાદ ધરાવવામાં આવે છે તેમજ અવારનવાર છપ્પન ભોગ તેમજ ભાગવત સપ્તાહ જેવા પ્રસંગોનું આયોજન કરવામાં આવે છે.

છેલ્લા વર્ષોમાં મંદિરની અદ્યતન કાયાપલટ થઈ છે અને સુવિધામાં ઘણો જ વધારો થયો છે. કંપાઉન્ડ અને મંદિર સીસીટીવી કેમેરાની નિગરાનીમાં છે. હાલના પ્રમુખ શ્રી કિરણભાઈ કે.શાહ (મારબલવાળા) ખૂબ જ ચોકસાઈપૂર્વક ની કામગીરી કરે છે અને યાત્રાળુઓનું સગવડતાનું પૂરેપુરે ધ્યાન રાખે છે.